# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-10-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ગુજરાતે 'સમુદ્ર સે સમૃદ્ધિ 'નો માર્ગ અપનાવીને રાજ્યના બંદરોને સમૃદ્ધિના દ્વાર બનાવ્યા.
2) આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું , ખોરાકમાં ભેળસેળ કરનારા લોકો સામે કાર્યવાહી કરાશે.
3) એકતાનગર ખાતે 31 તારીખે સરદાર પટેલની 150-મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે યોજાનારા કાર્યક્રમોને આખરી ઓપ અપાયો
4) રાજ્યભરમાં રહેતા ઉત્તર ભારતીયોએ અસ્ત થતાં સૂર્યદેવને અર્ધ્ય અર્પણ કરી છઠપૂજાની ઉજવણી કરી
5) કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત ના કેટલાક સ્થળે આવતીકાલે ભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM PATEL MUMBAI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મહારાષ્ટ્રના મુંબઈમાં આગામી 31 તારીખ સુધી યોજાનારા ભારત સમુદ્રી સપ્તાહ 2025-નો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ગુજરાતે 'સમુદ્ર સે સમૃદ્ધિ 'નો માર્ગ અપનાવીને રાજ્યના બંદરોને સમૃદ્ધિના દ્વાર બનાવ્યા છે. તેમણે કહ્યું , સમુદ્રી વિકાસની ગત બે દાયકાની યાત્રાથી ગુજરાત વિશ્વ માટે દરિયાઈ પ્રવેશદ્વાર બન્યું છે. રાજ્યમાં ચીપ અને જહાજ બનાવવા વિકસિત થયેલી પ્રણાલિ આત્મનિર્ભરના સંકલ્પને બળ આપશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

. . . . . .

# PANSHERIYA SURPRISE VISIT

આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ આજે ગાંધીનગરમાં તેમના વિભાગની કચેરીની આકસ્મિક મુલાકાત લીધી. દરમિયાન તેમણે અધિકારીઓ અને કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હતું. દરમિયાન શ્રી પાનશેરિયાએ ખોરાકમાં ભેળસેળ કરનારા લોકોને છોડવામાં નહીં આવે તેવી ચેતવણી પણ આપી હતી. તેમજ આગામી દિવસોમાં તેમની પર કાર્યવાહી કરાશે તેમ શ્રી પાનશેરિયાએ ઉંમેર્યું.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

. . . . .

# SC DIGITAL SCAMS

સર્વોચ્ચ અદાલતે આજે તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને ડિજિટલ ધરપકડ સાથે જોડાયેલા છેતરપિંડીના કેસ મામલે તેમના દ્વારા દાખલ કરાયેલી પ્રાથમિક માહિતી અહેવાલ – F.I.R.ની માહિતી આપવા આદેશ કર્યો છે. અદાલત દેશમાં વધતી ડિજિટલ ધરપકડની ઘટનાઓને જોતા તમામ કેસની તપાસ કેન્દ્રીય તપાસ સંસ્થા – C.B.I.ને સોંપવા વિચાર કરી રહી છે. અદાલતે C.B.I.ને શું તેમની પાસે દેશમાં આવા કેસને સંભાળવા માટેના પૂરતા સંશાધન છે તે અંગે પ્રશ્ન પણ પૂછ્યો છે.

સર્વોચ્ચ અદાલતે દેશભરમાં ડિજિટલ ધરપકડના વધતા સંકટને પહોંચી વળવા સુઓમોટો નોંધ લેતા 17 ઑક્ટોબરથી આ કેસની સુનાવણી કરી રહી છે.

. . . . . . . . . . . . .

# GP SMASH POLICE

રાજ્ય પોલીસે સોશિયલ મીડિયાની મદદથી રાજ્યના નાગરિકો સાથે જોડાવવા ગુજરાત પોલીસ – સોશિયલ મીડિયા, જાગૃતિ અને સુવ્યવસ્થિત સગવડ એટલે કે, GP-SMASH અનોખી પહેલ કરી છે. આ પહેલનો હેતુ સોશિયલ મીડિયા પર લોકો દ્વારા રજૂ થતી ચિંતાઓ , ફરિયાદ અને સૂચનોને સંવેદના સાથે સાંભળી , ઝડપથી યોગ્ય અધિકારી સુધી પહોંચાડીને સમયસર નિકાલ લાવવાનો છે.

પહેલી માર્ચથી શરૂ થયેલી આ પહેલ હેઠળ અત્યાર સુધીમાં 850થી વધુ ફરિયાદનો નિકાલ કરાયો છે તેમ રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી – DGP વિકાસ સહાયે જણાવ્યું હતું.

. . . . .

# SoU EKTA PARADE

નર્મદામાં એકતાનગર સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે આગામી 31 તારીખે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરાશે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે યોજાનારા કાર્યક્રમ માટેની તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. નવી દિલ્હીમાં દર વર્ષે પ્રજાસત્તાક દિવસે યોજાતી પરેડ જેવી આ વર્ષે 31 તારીખે એકતાનગર ખાતે મૂવિંગ પરેડ યોજાશે. રાજ્યના મુખ્યસચિવ પંકજ જોષી અને પોલીસ મહાનિદેશક વિકાસ સહાયે ઉજવણીના સમગ્ર કાર્ય આયોજન અંગેની વિસ્તૃત માહિતી આપી.

**(BYTE: PANKAJ JOSHI, CHIEF SECRETARY)**

. . . . . . . .

# PATAN RANI KI VAV

નૂતન વર્ષના પાંચ દિવસમાં વૈશ્વિક ધરોહર પાટણની રાણકી વાવની 44 વિદેશી પર્યટક સહિત 22 હજાર 556 પ્રવાસીએ મુલાકાત લીધી. પથ્થરોમાં કંડારાયેલી સાત માળની આ ભવ્ય વાવ અદ્ભૂત શિલ્પકૃતિઓ માટે સમગ્ર વિશ્વમાં જાણિતી છે. વાવની મુલાકાત લેનારા મુલાકાતી દિપક બ્રહ્મક્ષત્રિયે તેમનો પ્રતિભાવ જણાવ્યો.

**(BYTE: DIPAK BRAHMAKSHATRIYA, TOURIST)**

. . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.......................

# CM CHHATH PUJA

વરસાદી માહોલ વચ્ચે રાજ્યભરમાં રહેતા ઉત્તર ભારતીયોએ અસ્ત થતાં સૂર્યદેવને અર્ધ્ય અર્પણ કરી છઠપૂજાની ઉજવણી કરી. સુરત અને અમદાવાદમાં શ્રદ્ધા અને ભક્તિના પાવન પર્વ છઠપૂજાની ઉત્સાહભેર ઉજવણી માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. અમદાવાદના ઇન્દિરા બ્રિજ ખાતે છઠી મૈયાની પૂજા માટે છઠપૂજા ઘાટ બનાવાયો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પૂજામાં દિપ પ્રાગટ્ય કર્યું. ત્યારબાદ શ્રી પટેલે કાર્યક્રમ સ્થળે ખાણીપીણીની હાટડીની મુલાકાત લીધી. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું , છઠ પૂજા એક જ એવો પર્વ છે, જેમાં આથમતા સૂર્યદેવની પણ પૂજા કરાય છે.

ભરૂચના અંકલેશ્વરમાં ગડખોલ , સારંગપુર, કાપોદ્રા અને ભડકોદ્રા જેવા વિસ્તારમાં છઠપૂજાની ઉજવણી કરવામાં આવી. ઉતર ભારતીય મહિલાઓએ જળમાં ઊભા રહી આથમતા સૂર્યદેવને અર્ધ્ય અર્પણ કરી પરિવારના સુખ અને સમૃદ્ધિની કામના કરી હતી.

. . . . . .

# BOTAD MARKET YARD

બોટાદનું માર્કેટિંગ યાર્ડ આવતીકાલથી 31 તારીખ સુધી બંધ રહેશે. આ અંગે માહિતી આપતા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMCના અધ્યક્ષ મનહર માતરિયાએ કહ્યું, હવામાન વિભાગની આગાહીને લઈ ખેડૂતોને જણસીને નુકસાન ન થાય તે માટે યાર્ડ બંધ રહેશે. જોકે, પહેલી નવેમ્બરથી યાર્ડ રાબેતા મુજબ ખૂલ્લું રહેશે.

. . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી 30 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. દરમિયાન આવતીકાલે કચ્છ , બનાસકાંઠા, પાટણ, દેવભૂમિદ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. . . . . . . . . .

# RAIN OVEALL

રાજ્યભરમાં વરસાદી માહોલ છવાયો છે. આજે સાંજે છ વાગ્યા સુધીમાં 204 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ સાત ઈંચ જેટલો વરસાદ અમરેલીના રાજુલામાં નોંધાયો. તેના કારણે   ઉચૈયા, ભચાદર અને ધારાનાનેસ ગામમાંથી કેટલાક લોકોને બચાવી તેમનું સ્થળાંતર કરાયું.

જ્યારે ભચાદર ગામના કુલ 100 લોકોને તેમના સંબંધીઓના ત્યાં સ્થળાંતરિત કરાયાં. અસરગ્રસ્ત લોકો માટે સ્થાનિક સ્તરે ખાદ્યસામગ્રીની વ્યવસ્થા કરવામાં આવી છે.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સાવજી ચૌધરી જણાવે છે, પાલનપુર, અમીરગઢ, અંબાજી, થરાદ, ડીસા અને દિયોદર પંથકમાં છૂટોછવાયો વરસાદ વરસ્યો. કમોસમી વરસાદથી કપાસ, મગફળી ,સહિત બાગાયત પાકને નુકસાન થવાની શક્યતાને જોતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.

ગીર સોમનાથના ઉના તાલુકાના લેરકા   , સોખડા સહિત આજુબાજુના ગામમાં વરસાદથી માર્ગો પર પાણી ભરાતાં લોકો મુશ્કેલીમાં મુકાયા. જ્યારે રાવલ બંધના બે દરવાજા ખોલાતા ગીર ગઢડા અને ઉના તાલુકાના 17 જેટલા ગામને સાવચેત કરાયાં.

ભરૂચના વાલિયા તાલુકામાં બે, નેત્રંગ અને હાંસોટમાં એક-એક ઇંચ   , અંકલેશ્વર, ભરૂચ, આમોદ, ઝગડિયા અને જંબુસરમાં અડધાથી એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

મોરબીમાં પણ આજે બપોરથી ધોધમાર વરસાદ થતાં વિવિધ વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાયા છે.

કચ્છમાં કંડલા બંદરે સાવચેતીના ભાગરૂપે ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે. તેમજ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

નવસારીમાં સાંજે  4થી  6  વાગ્યા સુધીમાં સૌથી વધુ   એક ઈંચ જેટલો વરસાદ ગણદેવીમાં નોંધાયો.

. . . . . . .